# 5 વર્ષમાં 100 ચાઈનીઝ છાત્રોએ બિઝનેસ હિંદીની તાલીમ લીધી

» **EDIIમાં કોર્સ કર્યા બાદ 40 ટકા વિદ્યાર્થીઓને ભારતમાં જ નોકરી મળી ગઈ**

**નવગુજરાત સમય** > અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ચાઈનીઝ વિદ્યાર્થીઓ માટે તેનાં બિઝનેસ હિંદી કોર્સમાં શૈક્ષણિક પદ્ધતિ પર તાલીમને સામેલ કરશે. ઓગસ્ટ મહિનાથી શરૂ થનારી નવ મહિનાનાં 'ઈન્ટરનેશનલ એડવાન્સ્ડ બિઝનેસ હિંદી' કોર્સની છઠ્ઠી બેચમાં આ વર્ષે ચીનનાં 25 વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. છેલ્લાં પાંચ વર્ષમાં 100 ચાઈનીઝ વિદ્યાર્થીએ 'બિઝનેસ હિંદી' કોર્સ કર્યો છે. તેમાંથી બિઝનેસ હિંદીનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી કુલ વિદ્યાર્થીઓમાંથી 40 ટકાને ભારતમાં નોકરી મળી છે. આ અભ્યાસક્રમ રાષ્ટ્રભાષા હિંદીને પ્રોત્સાહન આપવા તેમજ બંને પડોશી દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવાનાં ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયો હતો.

EDIIનાં કોર્સ ડાયરેક્ટર ડો. અવધેશ ઝાએ શિક્ષણની પદ્ધતિની તાલીમ વિશે સમજાવતાં કહ્યું હતું કે, "વિદ્યાર્થીઓનાં રસ અને તાજેતરની બેચનાં વિદ્યાર્થીઓએ કરેલા સૂચનોને ધ્યાનમાં રાખીને અમે અમારાં અભ્યાસક્રમમાં કેટલીક બાબતો ઉમેરવાનો નિર્ણય કર્યો હતો, કારણ કે તેનાથી એકેડેમિક ફિલ્ડમાં વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીને આગળ વધારવામાં મદદ મળશે એવી શક્યતા છે એવું જૂની બેચનાં વિદ્યાર્થીઓ માનતાં હતાં. અમારું માનવું છે કે, શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અસરકારક છે, જો તેનું માળખું સતત વ્યાવસાયિક વિકાસની આસપાસ બનાવવામાં આવ્યું હોય, ખાસ કરીને જાહેર શિક્ષણનાં સંદર્ભમાં. એટલે અમે અમારાં 'બિઝનેસ હિંદી' અભ્યાસક્રમમાં તેને સામેલ કરવાનો નિર્ણય લીધો હતો."